---

**અરજદારની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ ૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી લગત હુકમ**

---

અરજદારશ્રી ચૌહાણ નીખીલકુમાર કિરણભાઈની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. અરજી તથા અભિપ્રાય સાથે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા.

હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલ છે કે, તેઓ અરજીમાં જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ જે બનાવમાં તેઓના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ખાતા નં.૪૧૨૪૬૦૧૪૪૭૪ માંથી રૂ.૪૦૦૦/– ઉપડી ગયેલ હતા. જે બાબતે તેઓએ સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નં.૧૯૩૦/૧૦૦ ઉપર કોલ કરીને ફરીયાદ નોંધાવેલ હતી. જે ફરીયાદ તા.૨૩/૧૦/૨૦૨૪ ના રોજ ટીકીટ નં.૩૧૧૧૦૨૪૦૧૬૬૪૭ થી નોંધાયેલ હતી. જે સબબ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા તેઓના ગયેલ નાણાં પૈકી સામાવાળાના

| અ. નં. | બેંકનુ નામ | ખાતા નંબર | IFSC નંબર | ફ્રિજ રકમ |
|---|---|---|---|---|
| ૧. | CATHOLIC SYRIAN BANK LTD (CSB) | 072608146116 190001 | CSBK0000726 | રૂ.૪૦૦૦/– |

રૂ.૪૦૦૦/– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા, જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. આ બાબતે અરજદારે કોઈ એફ.આઈ.આર. કરેલ નથી. તેઓને ખુબ જ મોટુ આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપીયાની જરૂર હોય સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૪૯૭ અને ૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

(૨) અરજદારની અરજી સબબ તપાસ કરનાર અમલદાર એટલે કે પોલીસ ઈન્સપેકટર, કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનનાઓને સદર ગુના બાબતે તમામ પેપર સહીત સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવા હુકમ કરવામાં આવેલ છે, જે અન્વયે પોલીસ ઈન્સ્પેકટર, કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનનાઓએ તેઓનો નીચે મુજબનો અભિપ્રાય રજુ કરેલ છે.

તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, સાયબર ક્રાઈમનો ભોગ બનનાર નાણાં જયારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે ત્યારે આવા નાણાંને તાત્કાલીક રોકવા તથા ગુના અટકાવવા માટે ભારત સરકાર ધ્વારા નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ હેઠળ હેલ્પ લાઈન સામાન્ય નાગરીકો માટે શરૂ કરવામાં આવેલ છે. જે હાલ સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમ હસ્તક ચાલુ છે અને તેઓ પોલીસ ઈન્સ્પેકટર તરીકે આ કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવે છે. આ પ્રોજેકટ અંતર્ગત સાયબર ક્રાઈમ ઈન્સિડન્ટ રીસ્પોન્સ યુનીટમાં સાયબર ક્રાઈમનો ભોગ બનનાર નાણાં જયારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે તેને તાત્કાલીક રોકવાની કામગીરી કરવામાં આવે છે. સાયબર ક્રાઈમનો ભોગ બનનાર નાગરીકો સીધી જ પોતાની ફરીયાદ હેલ્પ લાઈન નં.૧૦૦/૧૯૩૦ પર ડાયલ કરીને લખાવે છે ત્યારે ઈન્સીડન્ટ રીસ્પોન્સ યુનીટ ધ્વારા એક ટીકીટ નંબર આપવામાં આવે છે તેમજ સાથોસાથ જે શંકાસ્પદ બેંક ખાતામાં જે તે નાગરીકના નાણાં ગયેલ હોય તે બેંકને નાણાં ફ્રીઝ કરાવવા તેમજ જો નાણાં ત્યાંથી ટ્રાન્સફર થઈ ગયેલ હોય તો તેની માહીતી આપવા માટે તેઓની કચેરીએથી BNSS ૨૦૨૩ ની કલમ ૯૪ તથા ૧૦૬ હેઠળ નોટીસ આપવામાં આવે છે. નોટીસ આધારે બેંકો ધ્વારા આ શંકાસ્પદ રીતે મેળવાયેલા નાણાં ફ્રીઝ કરવામાં આવે છે.

વધુમાં અરજદારની અરજીની હકીકતો જણાવી વાદગ્રસ્ત રકમ BNSS ૨૦૨૩ ની કલમ ૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ છે. જે નાણાં પાછા ખેંચવા માટે અરજદારશ્રીએ આપ

નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારૂ તેઓનો અભિપ્રાય માંગેલ છે. જે બાબતે તેઓએ જણાવેલ છે કે, જે ખાતામાં રૂપીયા ફ્રીઝ થયેલ છે જે સદર બેંક ખાતા શંકાસ્પદ હોવાનુ જણાઈ આવેલ છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ(પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી જેથી તે રૂપીયા અરજદારશ્રીને પાછા આપવા તેઓનો અભિપ્રાય થાય છે.

(૩) સદર કામે અરજી સાથે રજુ કરવામાં આવેલ બેંક પેપર્સની નકલ ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતા ફરીયાદીના ખાતામાંથી નાણાં ઉપડી ગયેલ હોવાનું તથા શંકાસ્પદ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયાનુ હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદુપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા હાલના કામે કોઈ એફઆઈઆર થયેલ નથી કે કોઈની ધરપકડ કરવામાં આવેલ નથી. તેમજ બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં આજદીન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાંની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઈ અરજી કરેલ નથી. તદુપરાંત તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર બેંક ખાતા બનાવટી હોવાનુ જણાવેલુ છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ(પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી. જેથી તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર નાણાં અરજદારશ્રીને પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જેથી અત્રેની અદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાણાંનો કબજો મેળવવા હકકદાર હોવાનુ જણાય છે.

(૪) આ તબકકે સદર નાણાં પરત આપવા બાબતે અત્રેની અદાલતની સતા હકુમત જોતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતના ૨૦૨૩ ની કલમ ૫૦૩ માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

<u>કલમ–૫૦૩:–</u>

કોઈ પોલીસ અધિકારીએ મિલકત કબજે લીધાનો આ અધિનિયમની જોગવાઈ હેઠળ મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરવામાં આવે અને તપાસ કે ઈન્સાફી કાર્યવાહી દરમિયાન ફોજદાર ન્યાયાલય સમક્ષ તે મિલકત રજુ ન કરવામાં આવે ત્યારે, મિલકતના નિકાલ સંબંધી અથવા તેનો કબજો ધરાવવા હકકદાર વ્યકિતને તે મિલકત સોંપી દેવા સંબંધી અથવા તે વ્યકિત અંગે ખાતરી કરી જાણી ન શકાય તો, તે મિલકતની કસ્ટડી અને તેને રજુ કરવા સંબંધમાં મેજીસ્ટ્રેટ પોતાને યોગ્ય લાગે તે હુકમ કરી શકશે.

આમ, સદર કાયદાકીય જોગવાઈ મુજબ જયારે કોઈપણ પોલીસ અધિકારી ધ્વારા મિલકતની જપ્તીની જાણ મેજીસ્ટ્રેટને કરવામાં આવે અને તપાસ દરમિયાન આવી મિલકત અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે મેજીસ્ટ્રેટને આવી મિલકતના નિકાલ અથવા તો કબજા બાબતે યોગ્ય લાગે તેવો હુકમ કરવાની સતા આપવામાં આવેલ છે.

આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં સદર નાણાં બેંકમાં જમા હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ ભવિષ્યે પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય છેમ નથી. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજ્યા, ૨૦૦૩(૧) જી.એલ.એચ.પાના નં.૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

૧. અરજદારશ્રી ચૌહાણ નીખીલકુમાર કિરણભાઈની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૫૦૩ હેઠળની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદારને સદર ગુનાના કામે બેંકમાં સીઝ કરવામાં આવેલ કુલ રોકડ રકમ રૂ.૪૦૦૦/- પુરાની દોઢી રકમના જાત જામીન(બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અરજદારે હુકમ મુજબના જાત જામીન તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પોલીસ અધિકારીએ તેની તથા આ હુકમની જાણ ફરીયાદી તથા નાણાં સીઝ થયેલ નીચે જણાવેલ બેંક ને કરવી.

| અ. નં. | બેંકનુ નામ | ખાતા નંબર | IFSC નંબર | ફ્રિજ રકમ |
|---|---|---|---|---|
| ૧. | CATHOLIC SYRIAN BANK LTD (CSB) | 072608146116 190001 | CSBK0000726 | રૂ.૪૦૦૦/- |

૪. આથી રૂ.૪૦૦૦/- અરજદારની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ખાતા નં.૪૧૨૪૬૦૧૪ ૪૭૪ માં જમા કરાવી અત્રેની અદાલતને જાણ કરવી.

૫. સદર તકરારી નાણાં બાબતે શંકાસ્પદ ખાતાના ધારક કોઈ કાર્યવાહી કરે તો અરજદારે સદર રકમ પરત જમા કરાવવી.

તા.૦૬/૦૫/૨૦૨૬

મે.એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ શ્રી.
કપડવંજ કોર્ટ,કપડવંજ

SAC